પીએસઆઈની પરીક્ષાના પેપર-1માં મોદી-શાહના પ્રશ્ને આકર્ષણ જમાવ્યું

# સ્થાનિક સંસ્થાઓમાં મહિલાઓ માટે કેટલા ટકા અનામત રાખવામાં આવી?

**ગાંધીનગર** ખાતે દેશની પ્રથમ કેન્દ્રીય બેન્ક ડિજિટલ કરન્સી આધારિત વિતરણ વ્યવસ્થા કોણે શરૂ કરી ?

(પ્રતિનિધિ) વડોદરા,તા.19

ગુજરાત પોલીસ ભરતી બોર્ડની ભરતી પ્રક્રિયા ચાલી રહી છે. જેમાં પીએસઆઈ કેડરની 858 જગ્યા માટે શારીરિક કસોટીમાં સફળ થયેલા કુલ 1.10 લાખથી ઉમેદવારોની રવિવારે બે તબક્કામાં લેખિત પરીક્ષા લેવાઈ હતી. જેમાં વડોદરા સહિત મુખ્ય 4 શહેરોના કેન્દ્રો ખાતે ઉમેદવારોની કસોટી લેવામાં આવી હતી. જોકે, આ વખતની પરીક્ષામાં પેપર-1મા 126માં પ્રશ્ને પરિક્ષાર્થીઓમાં આકર્ષણ જમાવ્યું હતું.

પીએસઆઈ બે તબક્કામાં લેવાયેલી પરીક્ષાના પ્રથમ પેપરમાં ગાંધીનગર ખાતે દેશની પ્રથમ કેન્દ્રીય બેન્ક ડિજિટલ કરન્સી આધારિત વિતરણ વ્યવસ્થા કોણે શરૂ કરી પ્રશ્ન પૂછવામાં આવ્યો હતો. જેમાં ઓપશનમાં એક નંબર પર વડાપ્રધાન નરેન્દ્ર મોદી, બીજા નંબરે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ, ત્રીજા નંબરે કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવિયા અને ચોથા ક્રમાંકે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલને દર્શાવવામાં આવ્યા હતા. આ ઉપરાંત 158 માં પ્રશ્નમાં જાન્યુઆરી 2026 ની સ્થિતિએ ગુજરાતમાં સ્થાનિક સંસ્થાઓમાં મહિલાઓ માટે કેટલા ટકા અનામત રાખવામાં આવી છે, જેનો પ્રશ્ન પૂછવામાં આવ્યો હતો. સાથે વર્ષ 2026 માં કઈ ટીમે વુમન પ્રીમિયર લીગ ટાઇટલની ચોથી આવૃત્તિ જીતી હતી, તેમજ કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે ભારતની પ્રથમ કઈ સહકારી ક્ષેત્રની ટેક્સી સેવાનું ઉદઘાટન કર્યું હતું. આ ઉપરાંત દેશના વિકાસ લક્ષી પ્રોજેક્ટ અંગે પણ પ્રશ્ન પૂછવામાં આવ્યા છે. જેમાં ખાસ કરીને પીએમ મોદીના ડ્રીમ પ્રોજેક્ટ વર્ષ 20026-27 ના કેન્દ્રીય અંદાજપત્રમાં કેટલા હાઈ સ્પીડ કોરિડોની જાહેરાત કરવામાં આવી હતી તે પ્રશ્ન પણ પૂછવામાં આવ્યો હતો. ખાસ કરીને ફેબ્રુઆરી 2026 માં ભારતે ઇઝરાયેલ પાસેથી કેટલા એર રિફ્યુરિંગ ટેન્કર એરક્રાફ્ટ ખરીદવા માટે સમજુતી કરી તે પ્રશ્ન પણ પૂછવામાં આવ્યો હતો ઇતિહાસના પ્રશ્નોમાં શિવાજી એ કયા વર્ષે મુઘલ નગરી સુરત લૂંટી હતી અને મહારાજાધીરાજ નો સાર્વભૌમ ખિતાબ ધારણ કરનાર પ્રથમ વાઘેલા રાજા કોણ હતા તે પ્રશ્ન પણ પૂછવામાં આવ્યો હતો. આ વખતની પીએસઆઇ ની પરીક્ષામાં 112 મો પ્રશ્ન વડોદરામાંથી પૂછાયો છે. જેમાં બરોડાના ફર્સ્ટ રેસીડેન્ટ તરીકે મેજર એલેક્ઝાન્ડર વોકરની નિમણૂક કોના દ્વારા કરવામાં આવી હતી.

# વડોદરા સ્ટેશન પર કેટલીક ટ્રેનોના પ્લેટફોર્મમાં કામચલાઉ ફેરફાર

**મુસાફરોના** ધસારાને પહોંચી વળવા નિર્ણય લેવાયો

(પ્રતિનિધિ) વડોદરા,તા.18

ઉનાળાની ઋતુ દરમિયાન મુસાફરોની સંખ્યામાં વધારો થતાં મુસાફરોની સુવિધા અને ભીડ વ્યવસ્થાપન માટે વડોદરા વિભાગે કેટલીક ટ્રેનોના પ્લેટફોર્મમાં કામચલાઉ ફેરફાર કરવાનો નિર્ણય લીધો છે.

વડોદરા વિભાગના જનસંપર્ક અધિકારી અનુભવ સક્સેના દ્વારા જણાવ્યા મુજબ આ વ્યવસ્થા 20 એપ્રિલથી 8 મે સુધી અમલમાં રહેશે. આ સમયગાળા દરમિયાન, નીચેની ટ્રેનો તેમના નિર્ધારિત પ્લેટફોર્મને બદલે સુધારેલા પ્લેટફોર્મ પરથી દોડશે. 19037 બાંદ્રા ટર્મિનસ - બરૌની (અવધ એક્સપ્રેસ) - પ્લેટફોર્મ 3 ને બદલે પ્લેટફોર્મ 6 થી ઉપડે છે. 12925 બાંદ્રા ટર્મિનસ - અમૃતસર (પશ્ચિમ એક્સપ્રેસ) - પ્લેટફોર્મ 2 ને બદલે પ્લેટફોર્મ 6 થી આવે છે/ઉપડે છે. 20945 એકતાનગર - હઝરત નિઝામુદ્દીન સુપરફાસ્ટ એક્સપ્રેસ - પ્લેટફોર્મ 2 ને બદલે પ્લેટફોર્મ 6 થી આવે છે/ઉપડે છે. વડોદરા ડિવિઝને વધુ સારી મુસાફરોની સુવિધાઓ પૂરી પાડવા માટે એક મહત્વપૂર્ણ પહેલ કરી છે. પ્લેટફોર્મ નંબર 6 ની બહાર એક સુવ્યવસ્થિત કામચલાઉ રાહ જોવાનો વિસ્તાર (હોલ્ડિંગ એરિયા) બનાવવામાં આવ્યો છે, જેનાથી મુસાફરો તેમની ટ્રેન આવે ત્યાં સુધી આરામદાયક વાતાવરણમાં રાહ જોઈ શકે છે.

આ કામચલાઉ રાહ જોવાના વિસ્તારમાં પૂરતી બેઠક વ્યવસ્થા કરવામાં આવી છે જેથી મુસાફરો કોઈપણ અસુવિધા વિના તેમની મુસાફરીની રાહ જોઈ શકે. આ વ્યવસ્થા મુસાફરોને રાહત આપશે, ખાસ કરીને ભીડના સમયે, અને પ્લેટફોર્મ પર બિનજરૂરી ભીડને નિયંત્રિત કરવામાં પણ મદદ કરશે. રેલવે પ્રશાસન દ્વારા લેવામાં આવેલું આ પગલું મુસાફરોની સુવિધા અને સલામતીને ધ્યાનમાં રાખીને લેવામાં આવ્યું છે.

# વડોદરામાં લોકશાહીનો 'હરાજી મંડપ'? કોંગ્રેસે મેદાન નહીં, જાણે સીધો વોર્ડ જ ગિફ્ટ પેકમાં આપી દીધો!




વડોદરામાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીનો માહોલ તો દેખાવમાં ગરમ છે, પણ અંદરખાને કંઈક એવું ઠંડુ-ઠાર ચાલી રહ્યું છે કે મેદાનમાં લડાઈ કરતાં "સેટિંગ રૂમ" વધારે વ્યસ્ત લાગ્યા કરે છે. શહેરમાં હવે ચર્ચા એવી છે કે કોંગ્રેસના કેટલાક આગેવાનો ચૂંટણી લડવા કરતાં "સમજદારીપૂર્વક" રસ્તો સાફ કરવામાં વધારે રસ લઈ રહ્યા છે.

લોકોમાં વહેમ ઉઠી રહ્યા છે કે આ વખતે કોંગ્રેસે વિરોધ પક્ષ તરીકે નહીં, પણ "સહયોગી વિભાગ" તરીકે પોતાની ભૂમિકા નિભાવી હોય એવું લાગી રહ્યું છે. કહેવાય છે કે એક પૂર્વ કોંગ્રેસી અને હાલના ભાજપના નેતાએ પોતાના પુત્રને બિનહરીફ જીતાડવાનો એવો સુંદર પ્લાન બનાવ્યો કે રાજકીય વ્યૂહરચનાના પુસ્તકોમાં નવો અધ્યાય ઉમેરાઈ જાય!

સૂત્રો કહે છે કે ગુપ્ત બેઠકોનો સિલસિલો એવો જોરદાર રહ્યો કે ચૂંટણીપ્રચાર કરતાં મિટિંગોની "સિક્રેટ ડાયરી" વધારે વ્યસ્ત રહી. ત્યારબાદ કોંગ્રેસના ઉમેદવારને અચાનક જ સમજ આવી ગઈ કે લોકશાહી બચાવવાનો શ્રેષ્ઠ રસ્તો ફોર્મ પાછું ખેંચી લેવાનો જ હોય! આ સમજણ કેવી રીતે આવી તે તો રાજકીય જાદુગરો જ જાણે.

હજુ મજાની વાત તો એ છે કે જે વરિષ્ઠ નેતાઓએ અંદરખાને આ સેટિંગનું "સુત્રધારત્વ" કર્યું હોવાનું કહેવાય છે, તેઓ જ બીજા દિવસે દેખાવ પૂરતો વિરોધ કરતા જોવા મળ્યા. એટલે કે પાછળથી રસ્તો ખાલી કરો અને આગળથી સૂત્રોચ્ચાર કરો– રાજકારણની આ નવી ડબલ એન્ટ્રી પદ્ધતિ શહેરમાં ચર્ચાનો વિષય બની ગઈ છે.

હવે શહેરમાં ચોરે ને ચૌટે લોકો મજાકમાં પૂછે છે–ચૂંટણી હતી કે ટ્રાન્સફર ઓર્ડર? સામાન્ય કાર્યકરોમાં એવી લાગણી ફેલાઈ રહી છે કે કોંગ્રેસે આ વખતે ઉમેદવાર નહીં, પણ આખો વોર્ડ "આઉટસોર્સ" કરી દીધો હોય એવું લાગે છે.

જો આ ચર્ચાઓમાં જરાય સત્ય હશે, તો લોકશાહી માટે આ ઘટનાને "પ્રયોગાત્મક સહયોગ" તરીકે તો ચોક્કસ યાદ રાખવામાં આવશે! હાલ તો વડોદરામાં રાજકારણ કરતાં વ્યંગ વધુ ચાલી રહ્યું છે અને લોકો પૂછે છે–આગામી ચૂંટણીમાં મતદાન કરવું કે સીધું રિઝલ્ટ જાહેર કરી દેવું?

## ગઈકાલે 'ભ્રષ્ટાચારી', આજે 'ભાઈચારો': પૂર્વ વિસ્તારના નેતાજીનું રાજકીય યોગાસન!




વડોદરાના પૂર્વ વિસ્તારમાં રાજકારણનું એક એવુ અદ્ભુત દૃશ્ય જોવા મળ્યું છે કે જેમાં શબ્દો કરતાં સ્ટેન્ડ વધુ ઝડપથી બદલાયા છે. ગઈકાલ સુધી સ્ટેજ પરથી ગર્જના કરતા નેતાજી કોંગ્રેસને "ભ્રષ્ટાચારીઓનો અડ્ડો" ગણાવતા હતા, અને આજે એ જ કોંગ્રેસના દરવાજે નત મસ્તક સાથે પ્રવેશ કરતા જોવા મળ્યા છે. રાજકારણમાં આને કદાચ "ઝડપી વિચાર પરિવર્તન યોજના" કહેવાય!

લોકોમાં ચર્ચા છે કે નેતાજીની જીભ GPS વગર ચાલે છે–ક્યારે કઈ દિશામાં વળી જાય તે પોતે પણ જાણી ન શકે. ગઈકાલ સુધી જે પક્ષને ગાળો આપી રાજકીય કારકિર્દી ગરમ રાખી હતી, આજે એ જ પક્ષમાંથી પરિવારજનોને ટિકિટ અપાવવાની કુશળતા દેખાડી છે. વાહ! આને જ કહેવાય 'વિરોધથી વિકાસ' નો શોર્ટકટ માર્ગ.

વિસ્તારના મતદારો મજાકમાં પૂછે છે–આ નિવેદનોનો યુ-ટર્ન છે કે સંપૂર્ણ રાઉન્ડ ટ્રિપ? કારણ કે જે પક્ષને વર્ષો સુધી ભ્રષ્ટ ગણાવ્યો, હવે એ જ પક્ષ અચાનક સ્વચ્છ અને સંસ્કારી લાગી રહ્યો છે. લાગે છે રાજકારણમાં વોશિંગ મશીન માત્ર પક્ષ બદલતાં જ ચાલુ થઈ જાય છે!

હવે લોકો વચ્ચે ચર્ચા એ છે કે આવતીકાલે જો ફરી પક્ષ બદલાશે તો કદાચ નવી પ્રેસ કોન્ફરન્સમાં ફરીથી જૂના જ શબ્દો નવા ઉત્સાહ સાથે સાંભળવા મળશે. આખરે રાજકારણમાં કાયમ એક જ વાત સ્થિર રહે છે–નેતાજીનું અસ્થિર મત!

# ડોક્ટર PM જય હેઠળ સારવાર નહીં કરે તો કેન્સર પીડિતોની જિંદગી જોખમાશે

**નવા** નિયમમાં એમડી ઓનેલોજિસ્ટની ડિગ્રી વાળા ડોક્ટર સારવાર કરે તો માન્ય નહીં રહે

(પ્રતિનિધિ) વડોદરા,તા.18

ગુજરાતમાં પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના (પીએમ-જય) હેઠળ કેન્સરની સારવાર માટે લાગુ કરાયેલા નવા લાયકાત ધોરણો અંગે વિવાદ ઊભો થયો છે. નિષ્ણાતોના મતે, આ નિયમોના કારણે અનેક કેન્સર દર્દીઓ માટે સારવાર મેળવવી મુશ્કેલ બની શકે છે. નવા નિયમ મુજબ ઓન્કોલોજિસ્ટ માટે ડોક્ટરેટ ઓફ મેડિસિન (DM), મેજિસ્ટર ચિરુર્ગી (MCh) અથવા ડોક્ટરેટ ઓફ નેશનલ બોર્ડ (DNB) જેવી ઉચ્ચ લાયકાત ફરજિયાત રાખવામાં આવી છે.

આ નિયમને કારણે રાજ્યમાં દાયકાઓથી સેવા આપતા અને એમડી ડિગ્રી ધરાવતા અનુભવી ડોકટરો પીએમ-જય પેનલમાંથી બહાર થઈ રહ્યા છે. અંદાજે 250 જેટલા ઓન્કોલોજિસ્ટમાંથી ઘણાં ડોકટરો હવે યોજનાના દર્દીઓની સારવાર આપી શકશે નહીં. ખાસ કરીને નાના શહેરો અને ગ્રામિણ વિસ્તારોમાં DM લાયકાત ધરાવતા નિષ્ણાતોની અછત હોવાને કારણે આરોગ્ય સેવાઓમાં ખાધ સર્જાવાની શક્યતા વ્યક્ત થઈ રહી છે.

મેડિકલ એસોસિએશનોનું માનવું છે કે, તાલીમ પ્રાપ્ત એમડી ડોકટરો પ્રોટોકોલ આધારીત સારવાર અને ટ્યુમર બોર્ડના માર્ગદર્શન હેઠળ સામાન્ય કેન્સર કેસ સંભાળી શકે છે, જ્યારે જટિલ કેસોને નિષ્ણાતો પાસે રેફર કરી શકાય. સાથે જ DM બેઠકોમાં વધારો અને ફેલોશિપ કાર્યક્રમોની જરૂરિયાત પણ વ્યક્ત કરવામાં આવી છે.

જીએસીઆરઆઈના ડિરેક્ટરે જણાવ્યું કે તેમને આ નવા નિયમ અંગે સત્તાવાર માહિતી મળી નથી અને સર્જરી સેવાઓ પર તેની અસર નહીં પડે.

વહેલી સવારે ભીષણ આગ લાગતા ભારે નાસભાગ મચી ગઇ

# ફતેપુરાની પ્લાસ્ટિક-ડિસ્પોઝલની દુકાનમાં ભીષણ આગ,બે વ્યક્તિઓનું રેસ્ક્યુ

**શોર્ટ** સર્કિટને કારણે આગ લાગતા 35 લાખથી વધુના નુકસાનની આશંકા

(પ્રતિનિધિ) વડોદરા,તા.19

ફતેપુરા કુંભારવાડા નજીક આવેલી 'સાંઈદીપ પ્લાસ્ટિક એન્ડ ડિસ્પોઝલ' દુકાનમાં આજે વહેલી સવારે ભીષણ આગ લાગતાં વિસ્તારમાં અફરાતફરી મચી ગઈ હતી. આગે ઝડપથી વિકરાળ સ્વરૂપ ધારણ કરતાં લોકોમાં ભયનો માહોલ સર્જાયો હતો. બનાવની જાણ થતાં દાંડિયા બજાર અને પાણીગેટ ફાયર સ્ટેશનની ટીમો તાત્કાલિક સ્થળ પર પહોંચી ગઈ હતી.

મળતી માહિતી મુજબ સવારે લગભગ 5 વાગ્યાના સમયે દુકાનમાંથી ધુમાડા નીકળતા ઉપર રહેતા બે વ્યક્તિઓ ફસાઈ ગયા હતા. ફાયર બ્રિગેડે સમયસર કામગીરી કરીને બંનેને સુરક્ષિત રીતે બહાર કાઢ્યા હતા. દુકાનમાં પ્લાસ્ટિક અને ડિસ્પોઝલ સામગ્રી હોવાને કારણે આગ ઝડપથી ફેલાઈ હતી, જેના કારણે તેને કાબૂમાં લેવા માટે ભારે મહેનત કરવી પડી હતી.

ત્રણથી વધુ ફાયર ટેન્કરોની મદદથી આશરે અઢી કલાક સુધી ચાલેલી કામગીરી બાદ આગ પર કાબૂ મેળવવામાં આવ્યો હતો. પ્રાથમિક અનુમાન મુજબ આગ શોર્ટ



સર્કિટના કારણે લાગી હોવાનું મનાય છે.

દુકાનના માલિક ભગવાનદાસ ચાંદવાણીએ જણાવ્યું હતું કે તેઓને વહેલી સવારે આગ લાગ્યાની જાણ થતાં જ તેઓ સ્થળ પર દોડી આવ્યા હતા. આગમાં અંદાજે 35 થી 40 લાખ રૂપિયાનું નુકસાન થયું હોવાનું તેમણે જણાવ્યું હતું. ફાયર વિભાગના અધિકારી જીજ્ઞેશ કહારે જણાવ્યું હતું કે સમયસર રેસ્ક્યુ કામગીરીના કારણે કોઈ જાનહાનિ થઈ નથી, પરંતુ આગથી મોટું આર્થિક નુકસાન થયું છે.

વારંવારની રજૂઆતો છતાં કોર્પોરેશનના અધિકારીઓના આંખ આડા કાન

# 'મોતનો વન-વે': તૂટેલી ગટરનું ઢાંકણું ગમે ત્યારે મોટી હોનારત સર્જશે, તંત્ર ઘોર નિદ્રામાં!

**વ્યસ્ત** માર્ગ પર ગટરનું ઢાંકણું તૂટતા વાહનચાલકોના જીવ તાળવે ચોંટ્યા

(પ્રતિનિધિ) વડોદરા તા.19

સંસ્કારી નગરી વડોદરામાં સ્માર્ટ સિટીના દાવાઓ વચ્ચે સ્થાનિક વહીવટી તંત્રની ગંભીર બેદરકારી સામે આવી છે. શહેરના એક વ્યસ્ત વન-વે માર્ગ પર ગટરનું ઢાંકણું છેલ્લા ઘણા સમયથી તૂટેલી હાલતમાં હોવા છતાં તંત્ર દ્વારા કોઈ નક્કર કામગીરી કરવામાં આવી નથી. આ ખુલ્લી ગટર અને તૂટેલા ઢાંકણાને કારણે માર્ગ પરથી પસાર થતા હજારો વાહનચાલકોના માથે અકસ્માતનું જોખમ તોળાઈ રહ્યું છે.



પ્રાપ્ત વિગતો અનુસાર, આ માર્ગ વન-વે હોવાને કારણે વાહનોની ગતિ સામાન્ય રીતે વધુ હોય છે. માર્ગની બરાબર વચ્ચે અથવા અવરજવરના ભાગમાં જ ગટરનું ઢાંકણું તૂટી ગયું હોવાથી અંધારામાં કે વરસાદી માહોલમાં વાહનચાલકોને તે નજરે પડતું નથી. ખાસ કરીને ટુ-વ્હીલર ચાલકો માટે આ સ્થિતિ જીવલેણ સાબિત થઈ શકે તેમ છે. જો કોઈ વાહનનું ટાયર આ ખાડામાં ફસાય તો મોટી દુર્ઘટના સર્જાઈ શકે છે.

સ્થાનિક રહીશો અને રાહદારીઓમાં આ બાબતે ભારે રોષ જોવા મળી રહ્યો છે. લોકોનું કહેવું છે કે વન-વે રોડ હોવા છતાં અહીં સુરક્ષાના કોઈ સાધનો કે ચેતવણીના બોર્ડ મુકવામાં આવ્યા નથી. તંત્ર જાણે કોઈ મોટી દુર્ઘટના ઘટે તેની રાહ જોઈ રહ્યું હોય તેમ લાગી રહ્યું છે. વારંવારની રજૂઆતો છતાં કોર્પોરેશનના અધિકારીઓ આ બાબતે આંખ આડા કાન કરી રહ્યા હોવાનો આક્ષેપ પણ કરવામાં આવ્યો છે.

હાલમાં આ તૂટેલું ઢાંકણું તંત્રની નિષ્ક્રિયતાની ચાડી ખાઈ રહ્યું છે. સ્થાનીકોની માગ છે કે સત્વરે આ જોખમી ગટરનું સમારકામ કરવામાં આવે અને નવું મજબૂત ઢાંકણું બેસાડવામાં આવે, જેથી નિર્દોષ વાહનચાલકો અકસ્માતનો ભોગ બનતા બચે. જો આગામી દિવસોમાં આ સમસ્યાનું નિરાકરણ નહીં આવે તો સ્થાનિકો દ્વારા ઉગ્ર આંદોલનની ચીમકી પણ ઉચ્ચારવામાં આવી છે.

# સાયક્લોથોન : નવી પેઢીને સાંસ્કૃતિક વારસા સાથે જોડવાનો અનોખો પ્રયાસ

(પ્રતિનિધિ) વડોદરા. તા.19

'વિશ્વ હેરિટેજ દિવસ' નિમિત્તે વડોદરામાં આયોજિત 'હેરિટેજ સાયક્લોથોન' દ્વારા શહેરના ઐતિહાસિક વારસાને ઉજાગર કરવાનો અનોખો પ્રયાસ કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ માત્ર સાયકલ રેલી નહીં, પરંતુ શહેરના ગૌરવશાળી ભૂતકાળને વર્તમાન સાથે જોડતો ભાવનાત્મક ઉપક્રમ સાબિત થયો હતો.

સાયક્લોથોનનો પ્રારંભ સવારના સમયે કીર્તિ મંદિરથી થયો હતો. વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન અને હેરિટેજ ટ્રસ્ટના સંયુક્ત આયોજનમાં 50થી વધુ સાયકલ સવારો જોડાયા હતા, જેમાં નાના બાળકો થી લઈને યુવાનોનો સમાવેશ થયો હતો. શહેર હજુ જાગતું હતું ત્યારે સાયકલોના ઘંટારવ સાથે આ રેલીને ઉત્સાહભેર પ્રસ્થાન અપાયું હતું.

આ સાયક્લોથોન શહેરના ઐતિહાસિક સ્થળોની યાત્રા સમાન બની રહી હતી. સહભાગીઓ સયાજી બાગ, કોઠી કચેરી, જ્યુબેલી બાગ,



તારકેશ્વર મંદિર, ભદ્ર કચેરી, ન્યાય મંદિર, લહેરીપુરા ગેટ અને મ્યુઝિક કોલેજ જેવા સ્થળોએ પહોંચ્યા હતા. દરેક સ્થળે રોકાઈને તેમણે વડોદરાની સ્થાપત્ય કલા અને ઈતિહાસને નજીકથી અનુભવો કર્યો હતો.

કાર્યક્રમ દરમિયાન DACH વડોદરા નામનું પ્લેટફોર્મ પણ લોન્ચ કરવામાં આવ્યું, જેનો ઉદ્દેશ્ય યુવાનોને શહેરના વારસાના સંરક્ષણ માટે ડિજિટલ અને શૈક્ષણિક માર્ગદર્શન આપવાનો છે.

સાયક્લોથોનના અંતે સહભાગીઓએ વારસાની રક્ષા કરવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો. આ આયોજન વડોદરાના નાગરિકોમાં વારસા પ્રત્યે જાગૃતિ લાવતું મહત્વપૂર્ણ પગલું સાબિત થયું હતું.

## પહેલા કામ શૂન્ય, હવે પોતાનો જ વિરોધ : પશ્ચિમના ઉમેદવારનો 'સેલ્ફ-પ્રોટેસ્ટ મોડ' શરૂ!



વડોદરાના પશ્ચિમ વિસ્તારમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીનો માહોલ ગરમ છે, પરંતુ આ વખતે વિકાસના કામોથી નહીં–પોતાના જ પોસ્ટરો પર ચોકડી મારીને ચર્ચામાં આવવાની નવીન કળાથી! સામાન્ય રીતે ઉમેદવાર વિરોધીઓ સામે લડે, પરંતુ અહીં તો નેતાજીએ વિરોધીઓનો બોજ પણ પોતાના ખભા પરથી ઉતારી દીધો હોય એવું લાગી રહ્યું છે.


વિસ્તારમાં ચર્ચા છે કે ગત પાંચ વર્ષમાં કામો કરતાં પોસ્ટરો વધારે લગાવ્યા હતા, એટલે આ વખતે પોસ્ટરો પર જ ચોકડી મારીને "કામનું રિવ્યૂ" પોતે જ કરી દીધું! મતદારો સુધી પહોંચવું મુશ્કેલ લાગતું હોય ત્યારે ચર્ચામાં રહેવાનો આ "સ્વનિર્ભર વિરોધ અભિયાન" ખરેખર રાજકીય સર્જનાત્મકતાનો નવો પાઠ બની રહ્યો છે.

લોકો મજાકમાં કહે છે–વિરોધીઓએ સમય ન કાઢ્યો તો નેતાજીએ વિચાર્યું હશે, "ચાલો, પોતે જ વિરોધ કરી લઈએ!" પરિણામે શહેરના સર્કલ અને દીવાલો પર લાલ ચોકડીવાળા પોસ્ટરો હવે વિકાસના કામોથી વધારે ઝડપથી નજરે પડી રહ્યા છે.

ઉપરાંત, એક કથિત ઓડિયો ક્લિપ પણ વાયરલ થઈ હોવાનું કહેવાય છે, જેમાં "કંઈક નવું કરવું પડે" એવી ચર્ચા સંભળાતી હોવાનું કહેવાય છે. હવે આ "નવું" એટલે વિકાસ કે વિરોધ–તે મતદારોને સમજવાનું કામ સોંપાયું છે.

રાજકીય વિશ્લેષકો કહે છે કે આ નેગેટિવ માર્કેટિંગનો એવો અનોખો પ્રયોગ છે કે જેમાં ઉમેદવાર પોતે જ પોતાના વિરોધનો બ્રાન્ડ એમ્બેસેડર બની ગયો છે! હવે પ્રશ્ન એ છે કે મતદારો આ સર્જનાત્મકતા પર તાળી પાડશે કે ચોકડી વધુ ગાઢ કરશે–તે તો પરિણામો જ કહેશે.

## આરટીઈ હવે 'રાઈટ ટુ એલિટ' એજ્યુકેશન? 6 લાખની મર્યાદા બાદ માલતુજારોમાં પણ ઉમંગ!




સરકાર દ્વારા આરટીઈ હેઠળ પ્રવેશ માટે આવક મર્યાદા વધારીને 6 લાખ રૂપિયા કરતાં હવે યોજનાનો વ્યાપ ગરીબોથી આગળ વધી "સમાજના સક્ષમ વર્ગ" સુધી પહોંચ્યો હોય એવું લાગી રહ્યું છે. પરિણામે આ વર્ષે ફોર્મ ભરવાની સંખ્યામાં તો વધારો થયો જ છે, પણ સાથે સાથે "જેમને ખરેખર જરૂર નથી" એવા લોકોનો ઉત્સાહ પણ ખાસ નોંધપાત્ર રહ્યો છે.

વડોદરામાં અત્યાર સુધીમાં 8767 ફોર્મ ભરાઈ ચૂક્યા છે અને આશરે 2000 ફોર્મ કેન્સલ થયા હોવા છતાં સમયમર્યાદા 23 એપ્રિલ સુધી લંબાતા આ આંકડો 10 હજાર પાર જશે તેવી આશા (કે આશંકા?) વ્યક્ત થઈ રહી છે. પહેલાં ક્યારેય એટલી અરજીઓ આવી નહોતી – હવે આવી રહી છે, કારણ કે યોજનાનો "વિસ્તાર" થયો છે કે "ઉપયોગ" બદલાયો છે, તે ચર્ચાનો વિષય છે.

શહેરમાં તો એવી ચર્ચા પણ ગરમ છે કે કેટલાક સક્ષમ અને માલેતુજાર પરિવારો પણ આરટીઈના ફોર્મ ભરી રહ્યા છે. કહેવાય છે કે, ગરીબોના હક્કની આ યોજનામાં હવે 'સ્ટેટસ' સાથે પ્રવેશ મેળવવાની સ્પર્ધા ચાલી રહી છે. કેટલાક રાજકીય વગ ધરાવતા મહાનુભાવોએ તો પોતાના બાળકો માટે જાણીતી શાળાઓમાં પ્રવેશ "કનફોર્મ" કરવા ડીઈઓ કચેરીમાં પહેલેથી જ સક્રિય લોબિંગ શરૂ કરી દીધું છે – ગરીબોને તક મળે કે ન મળે, ઓળખાણ કામ લાગવી જ જોઈએ!

દર વર્ષે જેમ થાય છે તેમ આ વર્ષે પણ સાચા હકદાર પરિવારો ગોઠવણ પ્રથાના કારણે પ્રવેશથી વંચિત રહે તેવી શક્યતા નકારી શકાય તેમ નથી. પરંતુ ચાલો, ગરીબોને તક ન મળે તો શું? ઓછામાં ઓછું યોજનાનું "પ્રતિષ્ઠા સ્તર" તો વધ્યું જ કહેવાય!

# બિલિયનઇ મોબિલિટી ને ટાટા મોટર્સ પાસેથી ભારતની સૌથી મોટી E-ટ્રક ડિલિવરી પ્રાપ્ત

**પ્રાઇમા** ઇ.55એસ મોડેલ સાથે ઝીરો-એમિશન ફ્રેઇટ ટ્રાંઝિશનને વેગ; વધુ 250 ટ્રક્સનો ઓર્ડર

(પ્રતિનિધિ) વડોદરા તા.19

બિલિયનઇ મોબિલિટી, એક ઝડપથી વિકસતી ઈલેક્ટ્રિક મોબિલિટી-એઝ-એ-સર્વિસ પ્રદાતા,એ ટાટા મોટર્સ પાસેથી પ્રાઈમા ઈ.૫૫એસ મોડેલની ભારતની અત્યાર સુધીની સૌથી મોટી ઈલેક્ટ્રિક ટ્રક ડિલિવરી પ્રાપ્ત કરી છે. આ વિકાસ દેશવ્યાપી ઝીરો-એમિશન લોજિસ્ટિક્સ તરફ મહત્વપૂર્ણ માઈલસ્ટોન તરીકે જોવામાં આવી રહ્યો છે. કંપનીએ આ નવા ઈલેક્ટ્રિક પ્રાઈમ મૂવર્સને તેના વિસ્તરતા હેવી-ડ્યુટી ઈવી ફ્લીટમાં તબક્કાવાર રીતે સામેલ કરવાની પ્રક્રિયા શરૂ કરી છે.

સસ્ટેનેબલ લોજિસ્ટિક્સ પ્રત્યેની પ્રતિબદ્ધતા અંતર્ગત કંપનીએ અત્યાર સુધી ૩૦ લાખથી વધુ ગ્રીન કિલોમીટર્સ હાંસલ કર્યા છે અને વધારાના ૨૫૦



ઈલેક્ટ્રિક ટ્રક્સનો ઓર્ડર પણ આપ્યો છે. આ ટ્રક્સ ગુજરાત, રાજસ્થાન, તમિલનાડુ, કર્ણાટક, મહારાષ્ટ્ર, દિલ્હી એનસીઆર અને હરિયાણા જેવા મુખ્ય ફ્રેઈટ કોરિડોર્સમાં કાર્યરત રહેશે.

પ્રાઈમા ઈ.૫૫એસ ઈલેક્ટ્રિક ટ્રક ૪૫૦ કિલોવોટ-કલાક ક્ષમતાવાળા બેટરી પેક સાથે એક ચાર્જમાં આશરે ૩૫૦ કિલોમીટર સુધીની રેન્જ પ્રદાન કરે છે. તેમાં સંપૂર્ણ ઈલેક્ટ્રિક ડ્રાઈવટ્રેન, ઈન્ટિગ્રેટેડ ઈ-એક્સલ, રિજનરેટિવ બ્રેકિંગ, ૩-સ્પીડ ઓટો શિફ્ટ ટ્રાન્સમિશન અને ડ્યુઅલ-ગન ફાસ્ટ ચાર્જિંગ જેવી અદ્યતન સુવિધાઓ ઉપલબ્ધ છે.કંપનીના સ્થાપક કાર્તિકેય હરિયાણીએ જણાવ્યું હતું કે કંપની આગામી ૯ થી ૧૮ મહિનામાં ૧,૫૦૦ હેવી-ડ્યુટી ઈલેક્ટ્રિક ટ્રક્સ ઉમેરવાનું લક્ષ્ય ધરાવે છે, જે ભારતના ક્લીન લોજિસ્ટિક્સ ઈકોસિસ્ટમને વધુ મજબૂત બનાવશે.

વારસા સંરક્ષણનો સંદેશ આપતો જીવંત સાંસ્કૃતિક કાર્યક્રમ

# વિશ્વ હેરિટેજ ડે નિમિત્તે ચાંપાનેરની ગેબન શાહની વાવ ખાતે "સૌલ ઑફ અ વાવ" કાર્યક્રમ યોજાયો

**સ્થાનિક** નાગરિકો અને મહાનુભાવોની ઉત્સાહી હાજરી

(પ્રતિનિધિ) વડોદરા તા.19

વિશ્વ હેરિટેજ ડેના અવસરે ચાંપાનેર સ્થિત ઐતિહાસિક ગેબન શાહની વાવ ખાતે "સૌલ ઑફ અ વાવ" નામનો વિશિષ્ટ સાંસ્કૃતિક કાર્યક્રમ ભવ્ય રીતે યોજાયો. કાર્યક્રમને જનતા, વારસાપ્રેમીઓ, કલાકારો તેમજ મીડિયાનો ઉત્સાહભર્યો પ્રતિસાદ મળ્યો હતો. આ અનોખા આયોજનનો મુખ્ય ઉદ્દેશ ગુજરાતની સમૃદ્ધ સાંસ્કૃતિક વારસાને ઉજાગર કરવાનો અને તેના સંરક્ષણ માટે જાગૃતિ ફેલાવવાનો હતો.

વિઝ્યુઅલ આર્ટિસ્ટ કાકોલી સેન દ્વારા કલ્પિત આ કાર્યક્રમમાં વાવના ઐતિહાસિક અને સ્થાપત્ય મહત્વને સર્જનાત્મક રીતે રજૂ કરવામાં આવ્યું. સમગ્ર પરિસરને કલાત્મક અભિવ્યક્તિ દ્વારા જીવંત બનાવવામાં આવ્યું, જેના



કારણે ઉપસ્થિત મહેમાનોને વાવના ઈતિહાસ અને તેની વૈભવી રચનાનો અનોખો અનુભવ થયો. લાઈવ પર્ફોર્મન્સ દ્વારા ઐતિહાસિક સ્મારકોના સંરક્ષણનું મહત્વ અસરકારક રીતે રજૂ કરવામાં આવ્યું. કાર્યક્રમને સફળ બનાવવામાં ડૉ. વિશ્વ શાહ, પોલીકેબ બ્લડ બેંક તેમજ ઈન્દુ બ્લડ સેન્ટરના સહયોગનું મહત્વપૂર્ણ યોગદાન રહ્યું. સાથે જ આર્કિયોલોજી વિભાગના સહકાર બદલ આયોજકોએ આભાર વ્યક્ત કર્યો. સાંજે 6:30 વાગ્યાથી શરૂ થયેલા કાર્યક્રમમાં સ્થાનિક નાગરિકો તેમજ આસપાસના વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા. મુખ્ય અતિથિ તરીકે છોટાઉદેપુરના સાંસદ જશુભાઈ રાઠવા, હાલોલના ધારાસભ્ય જયદ્રથસિંહ પરમાર તેમજ ભાજપના પ્રમુખ મયંક દેસાઈ હાજર રહ્યા હતા. મહાનુભાવોએ પોતાના સંબોધનમાં ઐતિહાસિક ધરોહરના સંરક્ષણની જરૂરિયાત પર ભાર મૂક્યો અને આયોજકોના પ્રયાસોની પ્રશંસા કરી.

"સૌલ ઑફ અ વાવ" માત્ર એક કાર્યક્રમ નહોતો, પરંતુ લોકોમાં પોતાની સાંસ્કૃતિક મૂળો સાથે જોડાવાની અને વારસાની સંભાળ રાખવાની જવાબદારી પ્રત્યે જાગૃતિ લાવતો પ્રેરણાદાયી પ્રયાસ સાબિત થયો.

# વડોદરા બનશે 'ક્રિએટિવ સિટી ઓફ ડિઝાઈન', વર્લ્ડ હેરિટેજ ડે નિમિત્તે 'DACH વડોદરા' પ્લેટફોર્મનો પ્રારંભ

(પ્રતિનિધિ) વડોદરા. તા.19

વર્લ્ડ હેરિટેજ ડે નિમિત્તે વડોદરા મહાનગરપાલિકા દ્વારા હેરિટેજ ટ્રસ્ટ અને ઈન્દિરા ગાંધી નેશનલ સેન્ટર ફોર આર્ટ્સના સહયોગથી "DACH વડોદરા" નામના આધુનિક સહયોગી પ્લેટફોર્મનો ભવ્ય પ્રારંભ કરવામાં આવ્યો. ડિઝાઈન, કલા, સંસ્કૃતિ અને હેરિટેજને એકત્રિત કરતું આ પ્લેટફોર્મ વડોદરાને વૈશ્વિક સ્તરે "ક્રિએટિવ સિટી ઓફ ડિઝાઈન" તરીકે ઓળખ



અપાવવાનો પ્રયાસ છે.

મ્યુનિસિપલ કમિશનર અરુણ મહેશ બાબુએ જણાવ્યું કે શહેરની ઐતિહાસિક ધરોહરને મૂળ સ્વરૂપમાં જાળવી આધુનિક જીવનશૈલી સાથે સંકલિત કરવામાં આવશે, તેમજ પર્યટન વિકાસને પણ વેગ આપવામાં આવશે. કાર્યક્રમનું મુખ્ય આકર્ષણ "માય મોન્યુમેન્ટ, માય સ્ટોરી" રહ્યું હતું, જેમાં 10 શાળાના 150થી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

વિદ્યાર્થીઓએ 13 ઐતિહાસિક સ્મારકો પર આધારિત મોડલ, ચિત્રકલા, કવિતા અને નાટ્યરૂપ પ્રસ્તુતિઓ રજૂ કરી પોતાની સર્જનાત્મકતા દર્શાવી. મહાનુભાવોએ વિદ્યાર્થીઓના પ્રયાસોને બિરદાવી તેમને પ્રોત્સાહિત કર્યા હતા.